# કાયદો બતાવીને એલ.સી.બી.એ સ્વચ્છતા અભિયાનને વેગ આપ્યો


## મજુરો માટે સૌચાલય અને સ્વચ્છ પાણીની સવલત ના આપનાર કોન્ટ્રાક્ટર સામે ગુનો દાખલ કર્યો : ગંદકીથી ખદબદતી ઓરડીઓમાં જઈ મજુરોના નિવેદન લીધા

ગાંધીનગર, તા. ૧૫

દેશભરમાં ચાલી રહેલા ખુબ જ જરૂરી એવા સ્વચ્છતા અભિયાનને ઘણા ખરાં નાગરીકોએ અપનાવી લીધુ છે પરંતુ હજુ પણ કેટલાય જાડી ચામડીનાં લોકો જાણે સ્વચ્છતા અભિયાન માત્ર દેખાડો હોવાનું માનીને તેને અનુસરતા નથી. જો કે આ અભિયાન અકંદરે આપણા શહેર અને સમગ્ર દેશ માટે ખુબ જ અગત્યનું કહી શકાય તેમ છે. તેમ છતાં સ્વચ્છતા જાળવવાના અભિગમથી દૂર રહેનાર લોકોને કાયદો બતાવીને સીધા રાખવાનું એક ખુબ જ મહત્વનું કામ ગાંધીનગર એલસીબીએ હાથ ધર્યું છે.

ગાંધીનગર એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની સુચનાથી પી.એસ.આઈ. એચ.કે. સોલંકી તથા તેમની ટીમ કલોલના સાંતેજ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન સાંતેજ ચોકડીથી નાસ્મેદ જતાં રોડ પર સ્થિત શાહ એલાઈક કંપનીના રહેણાંક મકાનની ઓરડીઓ પર એલસીબી ટીમની નજર પડી હતી. અત્યંત ગંદકીથી ખદબદી રહેલા આ રહેણાંક વિસ્તારમાં કોઈ જ સ્વચ્છતા ન હતી અને તે ઉપરાંત કોન્ટ્રાક્ટર દ્વારા ત્યાં કામ કરતા મજુરો માટે શૌચાલય અને સ્વચ્છ પાણીની સવલત પણ ઉભી કરી ન હતી. ગંદકીમાં જઈને મજુરોના નિવેદનો લઈ એલસીબીએ જવાબદાર કોન્ટ્રાક્ટર શ્રીનેત્ર વશીષ્ટમુની ચતુર્વેદી સામે જિલ્લા મેજીસ્ટ્રેટ ગાંધીનગરના જાહેરનામાનો ભંગ કરવા બદલ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.





## જી.ઈ.બી. કોલોની સરકારી પ્રાથમિક શાળાની કૃતિ રાજ્યકક્ષાના વિજ્ઞાન મેળામાં

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જી.ઈ.બી. કોલોનીની સરકારી પ્રાથમિક શાળાની કૃતિ 'હેમરેડિયા' તાલુકા કક્ષાએ પસંદગી પામી હતી. ગાંધીનગર જિલ્લાના વિજ્ઞાન મેળો વેડા પ્રાથમિક શાળામાં યોજાયો હતો. જેમાં હેમ રેડિયોની કૃતિ પસંદ પામેલ. ભુકંપ, વાવાઝોડુ જેવી કુદરતી આફતો સમયે ઈલેક્ટ્રીક વગર પણ કમ્યુનીકેર થઈ શકે તેવી ફીકવંશી ગોઠવેલ હોવાથી ઉપયોગી બને. આકૃતિ વિભાગ-૩ માં જિલ્લાકક્ષાએ પ્રથમ પસંદગી પામી છે. હવે રાજ્ય કક્ષાએ ભાગ લેશે. શિક્ષકશ્રી નિકેતાબેન પટેલ, ભારતીબેન તથા ભાગ લેનાર વિદ્યાર્થી શિવાંગીની વાગેલા, ઉમંગ લઢેલને શાળાના આચાર્યશ્રી અને સી.આર.સી. પ્રકાશ પટેલે અભિનંદન પાઠવ્યા હતા.

## સહયોગ મંડળ દ્વારા દિવાળી નિમિત્તે વૃદ્ધાશ્રમોમાં મીઠાઈનું વિતરણ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરની સેવાકીય સંસ્થા સહયોગ મંડળના પ્રમુખશ્રી ભગુભાઈ પટેલ, શ્રી ડી.એમ. પરમાર, શ્રી બહેચરભાઈ પટેલ દ્વારા કૈલાસબા વૃદ્ધાશ્રમના વૃદ્ધોને ક્રિષ્ના વૃદ્ધાશ્રમમાં રીમાન્ડ હોમના બાળકોને મીઠાઈનું વિતરણ કર્યું હતું. આયોજનમાં સંસ્થાના શ્રી દિલીપસિંહ રાજપુત, શ્રી કિરિટસિંહ ગોહેલનો સહયોગ રહ્યો હતો.

## હવેલી ગોળ ગરો બ્રાહ્મણ સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને પુરસ્કાર આપશે

ગાંધીનગર, તા.૧૫

હવલી ગોળ ગરો બ્રાહ્મણ સમાજ તેજસ્વી વિદ્યાર્થીઓને વિદ્યા પુરસ્કાર આપી સન્માનશે. સામાજિક અને શૈક્ષણિક ઉત્કર્ષ માટે કાર્ય કરતા સમાજ દ્વારા દેવદિવાળી ની આસપાસ એક સમારંભ યોજવામાં આવશે. જેમાં ગરોબ્રાહ્મણ સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ જેમણે ધોરણ-૧૦ અને ૧૨માં અને સ્નાતક કક્ષાએ ૬૫થી વધુ ગુણ મેળવ્યા હોય તેવા વિદ્યાર્થીઓને સન્માનશે. વિદ્યાર્થીઓએ માર્કશીટની નકલ તા. ૩૧ ઓક્ટોબર સુધી સંસ્થાના હોદ્દેદારોને મોકલી આપવાની રહેશે.

## ગાંધીનગર યુવા કલ્ચરલ ગ્રુપ દ્વારા ગરબા-સફાઈ અભિયાન

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર યુવા કલ્ચરલ ગ્રુપની શ્રી વિશાલભાઈ, મોદીભાઈ, પ્રતિકભાઈ, નુપુરબેન તથા અનેક યુવાઓએ નવરાત્રીની અનોખી ઉજવણી કરી હતી. સરકારી શાળાના બાળકોને ડી. જેના તાલે રાસ-ગરબાની રમઝટ બોલાવવામાં આવી. યુવાનોએ પોતાના પોકેટ મનીમાંથી ગરીબ બાળકોને આનંદ આપ્યો. સે. ૨૮/૧ ની સરકારી પ્રાથમિક શાળા ખાતે શહેરના ૮૦૦ જેટલા વિદ્યાર્થીઓને એકત્ર કરી ડી.જે. દ્વારા રાસ-ગરબાની રમઝટ બોલાવી હતી. પ્રથમક્રમે આવનાર શાળાને શીલ્ડ એનાયત કરાયો હતો. જીઈબીની પ્રાથમિક શાળાની વિદ્યાર્થીઓને ઈલા પરમાર, સોનલ વઢિયારી, જાનકી ઠાકોર, રતન પુરબીયાને શીલ્ડ મોમેન્ટો અપાયા હતા. દરેક બાળકને ડબ્બા આપ્યા હતા. આચાર્યશ્રી વિશાલભાઈએ યુવા ગ્રુપનો આભાર માન્યો હતો.

## ચૌધરી મહિલા કોલેજનો ખેલ મહાકુંભ પ્રશંસનીય દેખાવ

ગાંધીનગર, તા.૧૫

ગુજરાત સરકાર તથા રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ દ્વારા ખેલ મહાકુંભનું આયોજન આ વર્ષે પણ કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગર મહાનગરપાલિકાની જિલ્લા કક્ષાની વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં પી.કે.ચૌધરી કોલેજની ૧૬ વર્ષથી ઉપરના ગ્રુપની ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં કબડ્ડી, વોલીબોલ તથા રસ્સાખેંચ જેવી રમતોમાં કોલેજની ટીમ વિજેતા થયેલ છે. આ ઉપરાંત હોકીની સ્પર્ધામાં ત્રીજો ક્રમાંક મેળવેલ છે.

પી.કે.ચૌધરી કોલેજની ખેલાડીઓ દ્વારા વ્યકિતગત રમત સ્પર્ધા જેવી કે કુસ્તીમાં ૧ ગોલ્ડમેડલ, ૧ સિલ્વર અને ૨ બ્રોન્ઝ મેડલ મેળવ્યા હતા આ ઉપરાંત જુડોમાં ૧સિલ્વર મેડલ, ટેકવોન્ડોમાં ૧ સિલ્વર મેડલ, એથ્લેટિકસની જુદી જુદી ઈવેન્ટસમાં ૯ ગોલ્ડ, ૭ સિલ્વર તથા ૨ બ્રોન્ઝ મેડલ મેળવેલ છે.

આ તમામ ખેલાડીઓનાં ઉત્કૃષ્ટ દેખાવ બદલ પી.કે. ચૌધરી સંસ્થાના સર્વે ટ્રસ્ટી મંડળ, કોલેજમાં આચાર્યો ડૉ. ઉર્મિલાબેન ચૌધરી અને સમગ્ર કોલેજ પરિવાર તથા કોલેજનાં શારીરિક શિક્ષણનાં પ્રાધ્યાપક શ્રી વિનોદભાઈ ચૌધરી દ્વારા સર્વે ખેલાડી બહેનોને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.



## આંતર કોલેજ સોફટબોલ સ્પર્ધામાં વિજેતા

ગુજરાત યુનિવર્સિટી દ્વારા રમત ગમતની સ્પર્ધાનું આયોજન દર વર્ષે કરવામાં આવે છે. ગત તા. ૩૦-૯-૨૦૧૪નાં રોજ આંતર કોલેજ સોફટબોલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટ આર્ટસ, કોમર્સ અને સાયન્સ કોલેજનાં ૫ ખેલાડીઓને ગુજરાત યુનિ. સોફટ બોલ ટીમ પાસે પસંદ કરવામાં આવ્યા હતા. ખેલાડીઓમાં વિહાલ શૈલેષ, ઠાકોર શંભુભાઈ, પટેલ ગુણવંત, મયા નિકુંજ અને વાઘેલા યુવરાજનો સમાવેશ થાય છે. ઉપરોકત તમામ ખેલાડીઓ તથા કોલેજ ટીમને સરકારી વિનયન કોલેજના આચાર્ય યોગેશ યાદવ સાહેબ તથા જીમખાના ચેરમેન એન.આર. પરમાર અને પી.ટી.આઈ. એ.જી. પટેલ તથા કોલેજ સ્ટાફ તરફથી ખૂબ ખૂબ અભિનંદન.




## એક એટીએમ બંધ થતા બીજુ ચાલુ થયું

એક તરફ કેન્દ્રની મોદી સરકાર દ્વારા જનધન યોજનામાં દરેક નાગરિકને આવરી લઈને તેનું બેંકમાં ખાતુ હોય તેમજ તેને દરેક પ્રકારની બેંકિંગ સુવિધાઓનો લાભ મળે તે માટે પ્રયત્નો હથ ધરાયાં છે ત્યારે બીજી તરફ ગાંધીનગર ચિલોડા માર્ગ પર બીએસએફ કેમ્પ પાસે આવેલ એસબીઆઈના એટીએમ પર ચોરીના નિષ્ફળ પ્રયાસ પછી સિકયુરીટી સ્ટાફના અભાવે ફરી એટીએમ ચાલુ કરાયું નથી જેના કારણે જવાનો સહિત આસપાસના ગામોના ગ્રામજનોને પણ હાલાકી વેઠવી પડી રહી હતી. જો કે હવે આ માર્ગ પર ખેડાલ મન્સુરી સમાજના શૈક્ષણિક સંકુલના ગેટ પાસે બેંક ઓફ ઈન્ડિયા દ્વારા અત્યાધુનિક સુવિધા વાળુ એટીએમ ચાલુ કરાતા આ સુરક્ષાકર્મીઓ તેમજ આલમપુર, લેકાવાડા, દશેલા અને સાદરા વગેરે સહિત ચિલોડા ના ગ્રામજનોમાં પણ હર્ષની લાગણી ફેલાવા પામી છે. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## કોર્ટ પાર્કીંગ સામે લાંચ લેતા ડભોડાના હેડ કોન્સ્ટેબલ પકડાયો

### ડીટેઈન કરેલી કારને રીલીઝ કરવાનો અભિપ્રાય આપવા રૂ. ૫ હજારની માંગણી કરી હતી

ગાંધીનગર, તા. ૧૫

થોડા દિવસો અગાઉ ડભોડા પોલીસે ડીટેઈન કરેલી કારને રીલીઝ કરવા માટેના અભિપ્રાય આપવા માટે ડભોડાનાં હેડ કોન્સ્ટેબલે રૂ. ૫ હજારની લાંચની માંગણી અમદાવાદના કારમાલીક સાથે કરી હતી. તે પૈકી રૂ. ૪ હજારની લાંચ ગાંધીનગર કોર્ટના પાર્કીંગની સામે જ સ્વિકારતા હેડ કોન્સ્ટેબલનો અમદાવાદ એસીબીએ ટ્રેપ ગોઠવીને રંગેહાથ ઝડપી પાડ્યા છે. હેડ કોન્સ્ટેબલ સામે કાયદેસરની કાર્યવાહી અમદાવાદ સીટી એસીબીએ શરૂ કરી છે.

અમદાવાદમાં રહેતા દિપકભાઈ બી. બારોટની કાર



ડભોડા પોલીસે થોડા દિવસો અગાઉ ડીટેઈન કરી લીધી હતી. કાર છોડાવવા માટે જરૂરી પોલીસ અભિપ્રાય લેવા દિપકભાઈ ડભોડા પોલીસ સ્ટેશન ગયા હતા. હેડ કોન્સ્ટેબલ કીરીટસિંહ એ. રાઠોડે કારને રીલીઝ કરવાના અભિપ્રાય માટે દિપકભાઈ પાસેથી રૂ. ૫ હજારની લાંચ માંગી હતી. રૂપિયા ગાંધીનગર કોર્ટની બહાર પાર્કીંગ સામે આપવાનું નક્કી થયું હતું. દરમ્યાન આ સંબંધે દિપકભાઈએ અમદાવાદ સીટી એસીબીમાં ફરીયાદ કરતાં પી.આઈ. એસ.કે. રહેવરે આજે ટ્રેપ ગોઠવીને રૂ. ૪ હજારની લાંચ લેતા હેડ કોન્સ્ટેબલ કિરીટસિંહને રંગેહાથ ઝડપી પાડ્યા છે.

## સે. ૨ આઈ ચેક-અપ કેમ્પ યોજાશે

વિશ્વ દૃષ્ટિ દિવસની ઉજવણી નિમિત્તે ફ્રી આઈ ચેક-અપ અને ડાયાબિટીશ કેમ્પ યોજવામાં આવશે. કેમ્પ તા. ૧૭ ઓક્ટોબર શુક્રવાર સાંજે ૫ થી ૭ દરમિયાન સરકારી દવાખાનુ, બગીચા પાસે, સેક્ટર-૨ ખાતે યોજાશે. કેમ્પમાં ડૉ. તેજલ દલાલ દ્વારા સેવા આપવામાં આવશે. કેમ્પનો લાભ લેવા નગરજનોને સેક્ટર-૨ વસાહત મંડળના પ્રમુખ રાજેન્દ્ર પારેખે જણાવ્યું છે.

## વાલ્મીકી મહાસભાનું રાષ્ટ્રીય અધિવેશન યોજાયું

ગાંધીનગર, તા. ૧૫

અમદાવાદમાં વાલ્મીકી સમાજનું રાષ્ટ્રીય અધિવેશન મળેલ હતું. અધ્યક્ષશ્રી ગુરૂદયાલસિંહ વિસનારજીના અધ્યક્ષસ્થાને સભા મળી હતી. જેમાં પંજાબ, હરિયાણાને ૫૦ ટકા આરક્ષણ આવે છે. તે બધા રાજ્યને હવે ૫૦ ટકા આરક્ષણ મળવુ જોઈએ. ભારતના બંધારણ મુજબ વાલ્મીકી સમાજ અતિ પછાત હોય તેને અનામતનો લાભ આપવો જોઈએ.

લાયકાત મુજબ વાલ્મીકી સમાજના યુવાનોએ નોકરી ન મળી હોય તેને બેરોજગાર ભથ્થુ મળવું જોઈએ. સફાઈ કામના કોન્ટ્રાક્ટ પદ્ધતિ રદ કરવી જોઈએ. અન્ય રાજ્યના વાલ્મીકી સમાજ જે રાજ્યમાં વસતો હોય ત્યાંના વાલ્મીકી સમાજનું જાતિ પ્રમાણપત્ર આપવુ જોઈએ. સફાઈ કામદારની ભરતીમાં શિક્ષણને લાવવું ન જોઈએ. અખિલ ભારતીય વાલ્મીકી મહાસભાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી રામેશ્વર લોટ તથા ગાંધીનગર જિલ્લા અધ્યક્ષ શ્રી નારણભાઈ ચુડાસમાએ જણાવેલ છે.

## સંતવાણી એવોર્ડ દ્વારા ભજન સાહિત્યના સર્જકો-ગાયકો-વાદકોને સન્માનવામાં આવશે

### આ પ્રસંગે ભજન વિચાર પર સંગોષ્ઠિ યોજાશે : નળસરોવર પાસેના શાહપુર ગામની પઢાર ભજન મંડળી સંતવાણી રજૂ કરશે

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાતના પ્રાચીન ભજન સાહિત્ય-સંતવાણીના ગાયકો-વાદકો જેમણે આજીવન ગાન-ઉપાસના-વાદ્ય દ્વારા આ સંસ્કાર સરવાણીને વહેતી રાખવા સેવાઓ આપી છે તેવા વિદ્યમાન ભજનિક અને વાદ્યસંગતકારોને સંતવાણી એવોર્ડથી નવાજવામાં આવે છે. આ વર્ષે પણ મહુવા તાલુકાના તલગાજરડા ખાતે ચિત્રકૂટ ધામમાં તા. ૮મી નવેમ્બરે સાતમો સંતવાણી એવોર્ડ કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમ દરમ્યાન સુપ્રસિદ્ધ ભજનિકો દ્વારા સંતવાણી પણ રજુ કરાશે.

આ સંતવાણી એવોર્ડ કાર્યક્રમમાં સંતવાણીના આદિસર્જકની વંદનાનો એવોર્ડ સંત મૂળદાસને, ભજનિક તરીકે મેદરડાના કલ્યાણદાસ મેસવાણિયાને એવોર્ડ આપવામાં આવશે. આ ઉપરાંત વાદ્ય વિભાગના એવોર્ડમાં તબલા વાદક કચ્છના કાન્દાગ્રાના અબ્દુલ નુરમહમંદ લંગા ઉર્ફે બબા ઉત્સાદની, બેન્જો વાદક રાજકોટના ગોરધનભાઈ ઓધવજીભાઈ કુંઢિયા તેમજ મંજીરા વાદક રાજકોટના અશોકભાઈ નાગજીભાઈ ભટ્ટીની પસંદગી કરવામાં આવી છે. આ કાર્યક્રમ ૮મી નવેમ્બરે શનિવારે બપોરે ૩.૩૦ કલાકે પ્રારંભ થશે. જેમાં પહેલા ભજનવિચાર પર સંગોષ્ઠિ યોજાશે. જેનુ સંચાલન પ્રા. રમેશ મહેતા કરશે. આ સંગોષ્ઠિમાં ૧૫મી સદીના ગુજરાતી સંતની સાહિત્યના પૃષ્ઠ ભૂમિકા વિષય પર બળવંત જાની તેમના વિચારો રજૂ કરશે. ત્યારબાદ ભજન સ્વરૂપ વિચાર-'પરજ' વિષય પર મનોજ જોષી તેમનું વ્યક્તવ્ય રજુ કરશે. જેમાં લોકપ્રિય ગાયક હેમંત ચૌહાણ ગાન પ્રસ્તુતિ કરશે. ત્યારબાદ સંતવાણીના સર્જક સંતશ્રી મૂળદાસ વિષય પર મનસુખભાઈ સાવલિયા તેમની ગોષ્ઠિ રજુ કરશે.

આ કાર્યક્રમમાં નળસરોવર વિસ્તારના શાહપુર ગામના ભજનિકોની પઢાર ભજન મંડળી સંતવાણી રજુ કરશે. સંતવાણી એવોર્ડ વિતરણ કાર્યક્રમ રાત્રે ૯ વાગ્યાથી પ્રારંભ થશે.

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૮
સૂર્યાસ્ત : ૬.૧૨

### તાપમાન

મહત્તમ : ૩૭.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૦.૦ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૭૬ ટકા ● સાંજે ૪૬ ટકા

### મનોરંજન

**સીટી પલ્સ**

: સ્ક્રીન-૨ :
બેંગ બેંગ : ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
બેંગ બેંગ : ૧૨.૪૫
લેફ્ટ બીહાઈન્ડ (અંગ્રેજી) : ૪.૦૦, ૯.૩૦
તમંચે : ૭.૦૦

: સ્ક્રીન-૪ :
તમંચે : ૧૦.૦૦
એક્કીસ તોંપો કી સલામી : ૧૨.૪૫
હૈદર : ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
બેંગ બેંગ : ૧૧.૦૦, ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

: સ્ક્રીન-૫ :
એક્કીસ તોંપો કી સલામી : ૬.૩૦
તમંચે : ૧૨.૩૦, ૩.૩૦, ૧૦.૦૦
બેંગ બેંગ : ૧૦.૦૦

: સ્ક્રીન-૬ :
બેંગ બેંગ : ૩.૪૫
એક્કીસ તોંપો કી સલામી : ૧૨.૪૫
તમંચે : ૭.૦૦
હૈદર : ૯.૩૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :
બેંગ બેંગ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
તમંચે : ૧૦.૧૫, ૭.૧૫
જીગરીયા : ૧.૧૫, ૧૦.૧૫
હૈદર : ૪.૧૫

સ્ક્રીન-૩ :
એક્કીસ તોંપો કી સલામી : ૧૦.૦૦, ૪.૦૦
સ્પાર્ક : ૧.૦૦, ૭.૦૦
હૈદર : ૧૦.૦૦

### આપની આજ

**મેષ** : કુટુંબમાં કોઈ સભ્યની ઉન્નતિથી સામાજિક સમ્માન વધશે. નવા સંબંધ બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સફળ યાત્રાનો યોગ બની રહ્યો છે.

**વૃષભ** : નવા પ્રસ્તાવ પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સુખમાં વૃદ્ધિ થશે. વ્યાપાર- વ્યવસાય પર ધ્યાન આપશો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. ધર્મ આધ્યાત્મ સંબંધી ચિંતનનો યોગ. ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રા પ્રવાસ થશે.

**મિથુન** : આળસ, પ્રમાદથી દૂર રહીને કાર્ય કરો. વિદ્યાર્થીઓને શિક્ષાના ક્ષેત્રમાં મહત્વપૂર્ણ ઉપલ્બિ મળી શકશે. ઋણ સંબંધી કાર્યોમાં સંય રાખવું. તમારા વ્યવહારને સંયમિત રાખીને કાર્ય કરવું. કૌટુંબિક ઉન્નતિ થશે.

**કર્ક** : મિત્રોનો પૂર્ણ સહયોગ તમને મળી શકશે. વ્યાપાર- વ્યવસાય સારું ચાલશે. ખર્ચના અનુપાતમાં આવક પણ થતી રહેશે. નવા આર્થિક સ્ત્રોત પર કાર્ય થશે. વિવાદિત નિર્ણય પક્ષમાં આવી શકે છે.

**સિંહ** : નવી યોજનાઓ બનશે જેનો લાભ ભવિષ્યમાં પ્રાપ્ત થઈ શકે છે. આર્થિકક્ષેત્રે વિશેષ યાત્રાઓ થશે. ધૈર્યથી વ્યાપારિક કાર્યોને પૂર્ણ કરો નવા કાર્યોથી દૂર રહો. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા પાપ્તિનો યોગ.

**કન્યા** : સામાજિક કાર્યોમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિના કાર્ય થશે. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબિક સુખનો અભાવ રહેશે. મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થશે.

**તુલા** : સામાજિક કાર્યોમાં સમય પસાર થશે. ઋતુ અનુસાર ખાનપાન કરવું. શુભ સંદેશ તમને નવી ચેતના આપશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિવર્તનનો યોગ બની રહ્યો છે. ધર્મ સંબંધી કાર્યોમાં સમય પસાર થશે.

**વૃશ્ચિક** : કોઈ કાર્યમાં મળેલી સફળતા મહત્વપૂર્ણ હિતકારક બનશે. વ્યાપાર અથવા આજીવિકાના ક્ષેત્રમાં તમારું મહત્વ અને વિશ્વાસ વધશે. શુભ માંગલિક કાર્યનો યોગ બનશે. પૈતૃક આર્થિક સ્થિતિમાં લાભ થશે.

**ધન** : ભૌતિક સુખ- સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે. કાર્યક્ષેત્રનો વિસ્તાર થશે. પ્રેમ સંબંધમાં સફળતા મળવાનો યોગ છે. વ્યસ્તતામાં વધારો થશે. નવીન કાર્ય કરવાની તક પણ વધશે.

**મકર** : આર્થિક ચિંતા દુર થતી જણાશે. વ્યવસાયક્ષેત્રે વૃદ્ધિમાં વધારો થતો જણાય. નિર્ણય લેવામાં વિલંબ ન કરવો. કાર્યની ગતિ બનાવી રાખો. શિક્ષા, સંતાન, પ્રતિસ્પર્ધાત્મક પરીક્ષા સંબંધી ભાગ્યવર્ધક યોગ બની રહ્યા છે.

**કુંભ** : કુટુંબના સહયોગથી દિવસ ઉત્સાહપૂર્વક પસાર થશે. તમારા પ્રયાસોની લોક પ્રશંસા કરશે. સહયોગીઓથી લાભ મળવાની સંભાવના છે. આવકમાં વધારો થઈ શકે છે.

**મીન** : સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક રહેશે. વિચારો સકારાત્મકા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિ વધશે.

### ચિરવિદાય

● સ્વ. વણઝારા વિષ્ણુભાઈ બંસીભાઈ (ઉ.વ.૨૩) જી.ઈ.બી. કોલોનીના છાપરાં, ગાંધીનગર